ગુજરાત સમાચાર GUJARAT SAMACHAR
@GSamacharUK GujaratSamacharNewsweekly
www.gujarat-samachar.com

# ઈન્ડિયાસ્પોરા દ્વારા દિવાળી ડિનરઃ સંસ્કૃતિ, સંપર્ક અને ઊજવણીની સાંજ

**લંડનઃ** ઈન્ડિયાસ્પોરાના યુકે કન્ટ્રી હેડ નીના અમીન દ્વારા આયોજિત અને લોર્ડ કરન બિલિમોરિયાની યજમાનીમાં 23 ઓક્ટોબરે હાઉસ ઓફ કોમન્સમાં દિવાળી ડિનરમાં બિઝનેસ અગ્રણીઓ, પાર્લામેન્ટેરિયન્સ, ડાયસ્પોરાના વિશિષ્ટ મહાનુભાવોની ઉપસ્થિતિ સંસ્કૃતિ, સંપર્ક અને ઊજવણીની સાંજ બની રહી હતી. એલીગન્ટ બ્લેક ટાઈ અને સમાર્ટ ભારતીય વસ્ત્રોમાં સજ્જ મહેમાનોએ પ્રકાશના ઉત્સવ દિવાળીની ઊજવણી તેમજ ભારત અને યુકે વચ્ચે જીવંત સેતુના મહત્ત્વને ઊજાગર કર્યું હતું.

આ ઈવેન્ટના વક્તાઓમાં સીમા મલ્હોત્રા FRSA MP, યુકેસ્થિત ભારતીય હાઈ કમિશનર વિક્રમ દોરાઈસ્વામી, ઈન્ડિયાસ્પોરાના સ્થાપક એમ.આર. રંગાસ્વામી, બેરોનેસ રુબી મેક્ગ્રેગોર-સ્મિથ, ટોની મથારુ અને લોર્ડ કરન બિલિમોરિયાનો સમાવેશ થયો હતો. વક્તાઓ દ્વારા સમાનતા, યુકે-ભારત પાર્ટનરશિપની દિશા તેમજ અર્થતંત્ર અને જાહેર જીવનમાં બ્રિટિશ ભારતીય કોમ્યુનિટીની ભૂમિકા સંદર્ભે શક્તિશાળી સંદેશાઓ અપાયા હતા. માનવંતા મહેમાનોમાં વરિષ્ઠ પાર્લામેન્ટેરિયન્સ, ઉમરાવો તેમજ ડાયસ્પોરા બિઝનેસ કોમ્યુનિટીના અગ્રણીઓનો સમાવેશ થયો હતો.



(ડાબેથી) ભારતીય હાઈ કમિશનર વિક્રમ દોરાઈસ્વામી, નીના અમીન, લોર્ડ કરણ બિલીમોરિયા, ઈન્ડિયાસ્પોરાના સ્થાપક એમ.આર. રંગાસ્વામી



ઈંડિયાસ્પોરાના યુકે કન્ટ્રી હેડ નીના અમીન, ઈન્ડો પેસિફિક મિનિસ્ટર સીમા મલ્હોત્રા અને સી.બી. પટેલ

આ ઈવેન્ટ માટે ખાસ કેલિફોર્નિયાથી આવેલા ઈન્ડિયાસ્પોરાના સ્થાપક એમ.આર. રંગાસ્વામીએ લીડરશિપ, લક્ષ્ય અને વિશ્વભરના જીડીપીમાં આશરે 35 મિલિયન ડાયસ્પોરા થકી ટ્રિલિયન ડોલર્સથી વધુના યોગદાનની વધતી અસરો વિશે મંતવ્યો દર્શાવ્યા હતા. તેમણે વૈશ્વિક ભારતીય કોમ્યુનિટીને કલ્યાણના પરિબળ માટે એકત્ર કરવાના ઈન્ડિયાસ્પોરાના મિશન તેમજ માર્ચ 2026માં બેંગલુરુમાં યોજાનારા ઈન્ડિયાસ્પોરાના આગામી ગ્લોબલ ફોરમમાં વધી રહેલા ઉત્સાહ વિશે જણાવ્યું હતું.

નીના અમીને ભારતીય ડાયસ્પોરા યુકેમાં કેવી રીતે સફળતા અને સેવાની ગાથા બની રહેલ છે તેના વિશે વાત કરી હતી. બિઝનેસ અને રાજકારણમાં ભારતીય મૂળની નેતાગીરીમાં સતત વૃદ્ધિ હોય કે યુકે અને ભારતીય યુનિવર્સિટીઓ વચ્ચે ભાગીદારીની વધતી સંખ્યા હોય, બંને દેશ વચ્ચેનો સંબંધ અગાઉથી વધુ મજબૂત બન્યો છે. ભારતીય ડાયસ્પોરાએ વ્યાવસાયિક સફળતાથી પણ આગળ વધીને પરોપકાર, વોલન્ટીઅરીંગ અને નાગરિક જીવનમાં નેતૃત્વ મારફતે અસાધારણ કરુણા દર્શાવી છે. ગ્લોબલ કોમ્યુનિટી ઈન્ડિયાસ્પોરા તેની સફળતાનો ઉપયોગ રચનાત્મક પરિવર્તન લાવવા માટે કરે છે. બ્રિટિશ લોકશાહીના હાર્દમાં આ દિવાળી ઈવેન્ટની યજમાની કરીને ઈન્ડિયાસ્પોરાએ સ્પષ્ટ સંદેશો પાઠવ્યો છે કે ભારતીય ડાયસ્પોરા માત્ર સાંસ્કૃતિક કોમ્યુનિટી નથી, પરંતુ યુકેના ભાવિ સામાજિક અને બિઝનેસ ફલકનો અખંડ હિસ્સો છે. આ ઈવેન્ટ WNS (અને ઈન્ડિયાસ્પોરાના સભ્ય CEO કેશવ મુરુગેશ) દ્વારા સ્પોન્સર કરાયો હતો.

# હનુમાન હિન્દુ મંદિર દ્વારા ભવ્ય અન્નકૂટ સાથે દિવાળીની ઊજવણી

**લંડનઃ** હનુમાન હિન્દુ મંદિર દ્વારા ભવ્ય અન્નકૂટ સાથે એકતા, સમર્પણ અને સંવાદિતાની ભાવના સાથે વિવિધ આસ્થાની કોમ્યુનિટીને નિકટ લાવવા પાંચ દિવસ સુધી દિવાળીની ઊજવણી કરવામાં આવી હતી. સનાતન ધર્મની પરંપરામાં નિરાશા પર આશા અને અંધકાર પર



સી.બી. પટેલનું સ્વાગત કરી રહેલા જીતુભાઈ દવે અને પૂજારી પવનભાઈ દત્તા

પ્રકાશના વિજયના પ્રતીકરૂપે સેંકડો પરંપરાગત દીવડા સાથે લંડનસ્થિત હનુમાન મંદિર ઝગમગી ઉઠ્યું હતું. આ ઊજવણીઓમાં પ્રખ્યાત પૂજારીઓ પવનભાઈ દત્તા (સામવેદ) અને જીતુભાઈ દવે (શુક્લ યજુર્વેદ) દ્વારા વૈદિક ક્રિયાકાંડ સાથે 56 પ્રકારની શાકાહારી વાનગીઓ સાથે વૈષ્ણવ પરંપરાના અન્નકૂટ અને ગોવર્ધન પૂજા મુખ્ય રહ્યા હતા.



માતૃમંડલી દ્વારા આરતી

મંદિરના ચેરમેન અને ટ્રસ્ટી, ઉચ્ચ વૈદિક પૂજારી જીતુભાઈ દવેએ દિવાળી, અન્નકૂટ અને ગોવર્ધન પૂજાના આધ્યાત્મિક મહત્ત્વ વિશે સંક્ષિપ્ત સંબોધનમાં કૃતજ્ઞતા, રક્ષણ અને દિવ્ય સેવાનાં મૂલ્યો પર ભાર મૂક્યો હતો. આ ઈવેન્ટમાં ગુજરાત સમાચાર અને એશિયન વોઈસના પ્રકાશક/તંત્રી સી.બી. પટેલ, હન્સલો ફ્રેન્ડ્સ ઓફ ફેઈથના ચેરમેન ડો. ચરણજિત સિંહ, મેટ પોલીસ હેટ ક્રાઈમ કોઓર્ડિનેટર અને ફેઈથ લાયેઝન ઓફિસર (વેસ્ટ એરિયા) PC પીટર ટ્રુમેન સહિત કોમ્યુનિટીના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આંતરધર્મીય એકતાની ઉષ્માસભર શુભચેષ્ટામાં અહમદિયા મુસ્લિમ વિમેન્સ એસોસિયેશન (યુકે)ના સભ્યોએ મિત્રતા અને આપસી આદરની સાચી ભાવના સાથે દિવાળીની શુભેચ્છા પાઠવવાં મંદિરની મુલાકાત લીધી હતી.

# SKS સ્વામિનારાયણ મંદિર દ્વારા એકતા, સેવા અને આધ્યાત્મિકતાની ઊજવણી

**લંડનઃ** SKS સ્વામિનારાયણ મંદિર માટે નૂતન વર્ષની ઊજવણી વિશિષ્ટ બની રહી છે. મંદિરની દીર્ઘકાલીન સમર્પિતતાને રાષ્ટ્રીય સ્તરે બિરદાવાઈ હતી અને 15 ઓક્ટોબરે પાર્લામેન્ટમાં આયોજિત કાર્યક્રમમાં ચેરિટી ઓફ ધ યર 2025 એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ચેરિટી માટેના સ્થાનિક સાંસદ સર સ્ટિફન ટિમ્સ દ્વારા મંદિરના પ્રતિનિધિઓને એવોર્ડ્ઝ એનાયત કરવામાં આવ્યા હતા.

આસ્થા, કરુણા અને કોમ્યુનિટી ભાવનાના પ્રતીક સ્વરૂપ શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર દ્વારા એકતા, સેવા અને આધ્યાત્મિકતાની ઊજવણી કરાઈ હતી. ફોરેસ્ટ ગેટ લંડનમાં આવેલું આ મંદિર 40 કરતાં વધુ વર્ષથી કોમ્યુનિટીની સેવા કરે છે અને માત્ર પૂજાના પવિત્ર સ્થળ તરીકે જ નહિ, સાંસ્કૃતિક,શૈક્ષણિક અને સામાજિક વિકાસના મજબૂત આધાર તરીકે કાર્યરત છે. કમિટીના સભ્ય કિશોરભાઈ ડી. વરસાણીએ પાર્લામેન્ટમાં લાગણીસભર સંબોધનમાં મંદિર અને પ્રેસિડેન્ટ (શામજીભાઈ વેકરીઆ) સહિત અન્યોએ કેવી રીતે 50 વર્ષના ગાળામાં કોમ્યુનિટીને સપોર્ટ કર્યો તેના વિશે જણાવ્યું હતું. કાઉન્સિલર મિરાજ પટેલ અને સાંસદ ઉમા કુમારન પણ ચેરિટીને વધાવવા પાર્લામેન્ટમાં ઉપસ્થિત હતાં. લંડન પોલિટિકલ સમિટ એન્ડ એવોર્ડ્સ 2025 દ્વારા શામજીભાઈને 'ફિલાન્થ્રોપિસ્ટ ઓફ ધ યર 2025' એવોર્ડ એનાયત કરાયો હતો. આમ, મંદિરને બે એવોર્ડ્ઝ પ્રાપ્ત થયા હતા.




(ડાબેથી) તરુબહેન હિરાણી, પુલકિત કોરાટ, કેન્યાના ભૂતપૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ સ્ટિફન કાલોન્ઝો મસ્યોકા, ધર્મેશ વેકરિયા, શામજીભાઈ વેકરિયા, એમપી સ્ટીફન ટીમ્સ, લાલજી વેકરિયા, કિશન દેવાણી, ધનુબહેન વરસાણી અને કિશોર વરસાણી

# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - કેન્ટન ખાતે નૂતન વર્ષની ઊજવણી



કેન્ટન હેરો સ્થિત શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરના નવીનીકરણ કરાયેલા અને આકર્ષક લાઈટીંગથી શોભતા મંદિરે અન્નકૂટ અને હિન્દુ નૂતન વર્ષની ઉમંગ-ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગ અપાર ભક્તિ અને શ્રદ્ધા સાથે ઉજવાયો હતો. છેલ્લા કેટલાક દિવસો દરમિયાન સેંકડો સમર્પિત યુવાનો અને ભક્તોએ અથાક મહેનત કરીને પ્રિય ભગવાન સ્વામિનારાયણને ધરાવવા માટે 250 થી વધુ સ્વાદિષ્ટ વ્યંજનો તૈયાર કર્યા હતા. આ ઉજવણી સમુદાયની એકતા, શ્રદ્ધા અને ભક્તિની ઝલક રજૂ કરતી હતી.



**શીશુકુંજ ભવન ખાતે પ્રકાશના પર્વની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોની સાથે તેમના માતાપિતા અને વોલન્ટીયર્સ પણ જોડાયા હતા. આ પ્રસંગે નાના-મોટા સહુએ નયનરમ્ય રંગોળી બનાવીને ઉત્સવની મજા માણી હતી.**

